ISSN 2454-8596
www.MyVedant.com
VIDHYAYANA
An International Multidisciplinary Research E-Journal

# ગુજરાત રાજ્યના છેલ્લા દાયકામાં વસ્તીના જુદાં જુદાં પાસાંઓનો વિશ્લેષણાત્મક અભ્યાસ કરી તેના આર્થિક સૂચિતાર્થોની રજૂઆત કરવી

ઓડેદરા શાંતિ કારાભાઈ
M.A., Ph.D Scholar

ISSN 2454-8596
www.MyVedant.com
An International Multidisciplinary Research E-Journal

## 1. પ્રસ્તાવના

બૃહદ મુંબઈમાંથી ગુજરાત રાજ્ય છૂટું પાડવામાં અનેક ચળવળો અને પ્રયત્નો બાદ મહારાષ્ટ્ર અને ગુજરાત એમ બે અલગ રાજ્ય ઓની સ્થાપના ૧લી મે ૧૯૬૦ના રોજ કરવામાં આવી હતી . ભારતના કુલ વિસ્તારમાંથી લગભગ છ ટકા જેટલો ભૌગોલિક વિસ્તાર ગુજરાત રાજ્ય ધરાવે છે . જેવિસ્તારની દ્રષ્ટિએ સમગ્ર ભારતમાં સાતમા સ્થાને છે.વર્તમાનમાં વૈશ્વિક સ્તરે અનેક સમસ્યાઓ જોવા મળે છે. તેમાં સૌથી મહત્વની સમસ્યા એ વસ્તી વિસ્ફોટ છે. વસ્તીમાં થતાં રહેલા અસામાન્ય વધારાથી જુદા જુદા પ્રકારની સમસ્યાઓનું સર્જન થાય છે. જેના નિરાકરણ માટે જો યોગ્ય પગલાં લેવામાં ન આવે તો સમગ્ર વિશ્વને તેના માઠા પરિણામો માટે તૈયાર રહેવું પડે છે . વસ્તી એ અર્થતંત્રની પરિભાષામાં ઉત્પાદનનું એક મહત્વનું અને જીવંત સાધન છે. જો તે યોગ્ય માત્રામાં અને કુશળતાયુક્ત હોય તો દેશના અર્થતંત્રમાં મહત્વનો ફાળો આપી શકે છે . પરંતુ ભારત જેવા અલ્પવિકસિત દેશોમાં વસ્તીએ ઉત્પાદન નું સાધન તો છે જ . પરંતુ તેનું પ્રમાણ આવશ્યકતા કરતાં વધારે હોવાથી અર્થતંત્ર પર બોજ બની ગઈ છે .૧૯૨૧ એ ભારત ઈતિહાસમાં **મહાન વિભાજક વર્ષ**તરીકે ઓળખવામાં આવે છે. કારણ કે, ત્યારબાદ ભારતની વસ્તીમાં કૂદકે ને ભૂસકે વધારો થયો છે . જોકે વસ્તી નિયંત્રણ માટે સમગ્ર વિશ્વમાં કુટુંબ નિયોજન કાર્યક્રમની શરૂઆત ભારત દેશમાં કરવામાં આવી છે.આમછતાં, પણ ભારત દેશમાં વસ્તી વધારાને નિયંત્રણમાં લાવી શક્યા નથી.

## 2. વસ્તીશાસ્ત્રનો અર્થ

વસ્તીશાસ્ત્રએ વર્તમાનમાં એક અલગ શાસ્ત્ર તરીકે કાર્ય કરે છે. વસ્તીશાસ્ત્ર શબ્દનો ઉદ્ભવ ગ્રીક શબ્દ DEMOGRAPHY પરથી ઉતરી આવ્યો છે. જેનો અર્થ છે કે, વસ્તીનો અભ્યાસ કરતું શાસ્ત્ર. વસ્તીશાસ્ત્રજુદાં જુદાં શાસ્ત્ર સાથે જોડાયેલું છે. પરંતુ વસ્તીશાસ્ત્ર અને અર્થશાસ્ત્રને ગાઢ સંબંધ છે. કારણ કે, વસ્તી અને આર્થિક વિકાસની વચ્ચે રહેલા સંબંધનો અભ્યાસ અહીં કરવામાં આવે છે. તેથી સૌ પ્રથમ વસ્તીશાસ્ત્રની જુદી જુદી વ્યાખ્યાઓને આધારે વસ્તીશાસ્ત્રને સમજવાનો પ્રયત્ન કરશું.

"વસ્તીશિક્ષણ એક એવી પ્રક્રિયા છે જેના દ્વારા વિદ્યાર્થી વસ્તીના પરિણામો, વસ્તી પ્રક્રિયાઓ, વસ્તીની વિશિષ્ટતા, વસ્તી પરિવર્તનોના કારણો, પોતપોતાના કુટુંબ, સમાજ અને વસ્તી પરિવર્તનના લક્ષણોની શોધ તથા અન્વેષણ કરે છે." **- સ્ટીફન વીડરમેન**

"માનવ વસ્તીના મુખ્યત્વે તેના આકાર, સંરચના તથા વિકાસની દ્રષ્ટીએ કરવામાં આવેલ વૈજ્ઞાનિક અભ્યાસને વસ્તીશાસ્ત્ર તરીકે ઓળખવામાં આવે છે." **-સંયુક્ત રાષ્ટ્ર શબ્દકોશ**

ISSN 2454-8596
www.MyVedant.com

An International Multidisciplinary Research E-Journal

"વસ્તીશાસ્ત્ર વસ્તીના કદ, ભૌગોલિક વિતરણ, વસ્તીની સંરચના, જન્મદર, મૃત્યુદર, સ્થળાંતર અને સામાજિક ગતિશીલતા તથા તેમનાથી આવતા પરિવર્તનનો અભ્યાસ કરે છે."

**-હોસર અને ડંકર**

## 3. સંશોધન અભ્યાસના હેતુઓ

3.1 વસ્તીના વિવિધ પાસાઓ અંગે ખ્યાલ પ્રાપ્ત કરવો.

3.2 વસ્તી વૃદ્ધિના દર અને સાક્ષરતાના દર વચ્ચેનો સંબંધ તપાસવો.

3.3 વસ્તી વધારા અને વસ્તી ગીચતા વચ્ચેનો સંબંધ તપાસવો.

## 4. સંશોધન અભ્યાસની પદ્ધતિ

કોઈ પણ સંશોધન અભ્યાસમાં સંશોધન પદ્ધતિ ખુબ મહત્વની હોય છે. પ્રસ્તુત અભ્યાસ વસ્તીના વિવિધ પાસાઓને અર્થશાસ્ત્ર સાથે જોડે છે. તેથી પ્રસ્તુત સંશોધનમાં ગૌણ માહિતી પ્રાપ્ત કરી વર્ણનાત્મક સંશોધન અભ્યાસ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. સંશોધન એ વૈજ્ઞાનિક પદ્ધતથી પ્રવર્તમાન જ્ઞાનમાં વધારો કરે છે. વર્ણનાત્મક સંશોધન એટલે વર્તમાનમાં બની રહેલી ઘટનાઓ અને પરિસ્થિતિઓનું અર્થઘટન અને વિશ્લેષણ કરે છે. વર્ણનાત્મક સંશોધન અભ્યાસ પદ્ધતિના અનેક પ્રકારો છે. તમાં સર્વેક્ષણ અભ્યાસ પદ્ધતિ પ્રસ્તુત અસ્ન્શોધન અભ્યાસમાં હાથ ધરવામાં આવેલ છે.

## 5. વસ્તીના વિવિધ પાસાઓનું વિશ્લેષણ

વસ્તીના પાસાઓને મુખ્યત્વે બે વિભાગમાં વહેચવામાં આવે છે. જેમાં પરિમાણાત્મક કે જથ્થાત્મક પાસાઓ અને ગુણાત્મક પાસાઓનો સમાવેશ કરવામાં આવે છે. સામાન્ય રીતે જથ્થાત્મક પાસાઓમાં વસ્તી વધારો, વસ્તી ગીચતા, જાતિ પ્રમાણ વગેરેનો સમાવેશ કરવામાં આવે છે. જયારે ગુણાત્મક પાસાઓમાં સાક્ષરતા અને આરોગ્ય જેવી બાબતોનો સમાવેશ કરવામાં આવે છે.

### 5.1 ગુજરાત રાજ્યમાં વસ્તી વૃદ્ધિના દર અને સાક્ષરતાના દર વચ્ચેનો સંબંધ નીચે પ્રમાણે છે.

**ગુજરાત રાજ્યમાં વસ્તી વૃદ્ધિ અને સાક્ષરતા**


| વર્ષ | વસ્તી વૃદ્ધિ (ટકામાં) | સાક્ષરતા (ટકામાં) |
|---|---|---|
| 1961 | | 30.5 |
| 1971 | 29.4 | 35.8 |
| 1981 | 27.7 | 43.7 |
| 1991 | 21.2 | 61.3 |
| 2001 | 22.7 | 69.1 |
| 2011 | 19.3 | 78 |

ISSN 2454-8596
www.MyVedant.com
VIDHYAYANA
An International Multidisciplinary Research E-Journal

ઉપરોક્ત કોષ્ટકમાં જુદા જુદા સમયે ગુજરાત રાજ્યમાં થયેલો વસ્તી વધારો અને તેની તેની સાથે સાક્ષરતાની ટકાવારીની સરખામણી કરવામાં આવી છે. ગુજરાત રાજ્યમાં થયેલા વસ્તી વધારાને ટકામાં દર્શાવવામાં આવ્યા છે. તેમજ સાક્ષરતાના દરને પણ ટકાવારીમાં દર્શાવવામાં આવેલ છે. ગુજરતમાં સૌથી વધારે વસ્તી વૃદ્દિધ ૧૯૬૧ થી ૧૯૭૧ના દાયકામાં થયો છે. ત્યારબાદ તેમાં સતત ઘટાડો થયો છે. (૧૯૯૧ થી ૨૦૦૧ના દાયકાને બાદ કરતાં) જયારે સાક્ષરતાના દરમાં સૌથી વધારે વધારો ૧૯૮૧ થી ૧૯૯૧ના દાયકામાં થયો છે. જે ૧૭.૬.% વધારો દર્શાવે છે. જો કે ૧૯૬૧થી ગુજરાત રાજ્યમાં વસ્તીની સાક્ષરતામાં વધારો થતો જોવા મળે છે. પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં વસ્તી વૃદ્દિધ અને સાક્ષરતાના દર વચ્ચે રહેલા સહસંબંધનો અભ્યાસ કરવામાં આવ્યો છે. જે નીચે પ્રમાણે છે,

| | *વસ્તી વધારો (ટકામાં)* | *સાક્ષરતા (ટકામાં)* |
|---|---|---|
| વસ્તી વધારો (ટકામાં) | 1 | -0.9592 |
| સાક્ષરતા (ટકામાં) | -0.959202791 | 1 |

વસ્તી વૃદ્દિધ અને સાક્ષરતાના દર વચ્ચે ગાઢ નકારાત્મક સંબંધ રહેલો છે. અહીં વાચ્ચેનો સહસંબંધનો r= -0.9592 છે. જે દર્શાવે છે કે, વસ્તી વૃદ્દિધના દર અને સાક્ષરતાના દર વચ્ચે ઋણાત્મક ગાઢ સંબંધ રહેલો છે. જેની વધારે સમજુતી માટે નીચેની આકૃતિનો ઉપયોગ કરવામાં આવેલ છે. નીચે દર્શાવેલ આકૃતિ અનુસાર X અક્ષ પર વસ્તીવૃદ્દિધનો દર અને Y અક્ષ પર સાક્ષરતા દર લેવામાં આવ્યા છે. જુદા જુદા સંયોજનોને આધારે કહી શકાય કે, ૧૯૬૧ થી ૨૦૧૧ સુધીમાં વસ્તીવૃદ્દિધના દરમાં સતત ઘટાડો થાય છે. જયારે સાક્ષરતાના દરમાં સતત વધારો થાય છે.



ISSN 2454-8596
www.MyVedant.com

VIDHYAYANA

An International Multidisciplinary Research E-Journal

### 5.2 સાક્ષરતા અને વસ્તી ગીચતા વચ્ચેનો સંબંધ

સામાન્ય રીતે સાક્ષરતા અંગે જુદા જુદા વિદ્વાનો તેમજ તજજ્ઞોના મત અનુસાર જુદી જુદી વ્યાખ્યાઓ રજૂ કરવામાં આવી છે. પરંતુ ભારતના સંદર્ભમાં સાત વર્ષ કે તેનાથી વધારે ઉંમરની વ્યક્તિ સમજણપૂર્વક કોઈ પણ એક ભાષા લખીઅને વાંચી શકતી હોય તો તે વ્યક્તિ સાક્ષર છે ,તેમ કહેવાય જ્યારે વૈશ્વિક સ્તરે તેમાં ફેરફાર જોવા મળે છે. તે જ રીતે વસ્તીગીચતા એ પ્રતિ ચોરસ કિલોમીટરે રહેતા લોકોની સંખ્યા દર્શાવે છે . પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં સાક્ષરતા અને વસ્તીગીચતા વચ્ચે રહેલા સંબંધને જાણવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. જે નીચે પ્રમાણે છે,

**સાક્ષરતા અને વસ્તી ગીચતા વચ્ચેનો સંબંધ**

| વર્ષ | સાક્ષરતા (આંકડામા*) | વસ્તી ગીચતા |
|---|---|---|
| 1961 | 6283 | 110 |
| 1971 | 9555 | 136 |
| 1981 | 14896 | 174 |
| 1991 | 21131 | 211 |
| 2001 | 29828 | 258 |
| 2011 | 41093 | 308 |

**= 1000માં*


*વસ્તી ગીચતા એટલે પ્રતિ ચોરસ કિલોમીટરે રહેતા લોકોની સંખ્યા*

ઉપરોક્ત કોષ્ટકના આધારે કહી શકાય કે , ગુજરાત રાજ્યમાં જુદા જુદા દાયકાઓ માં સાક્ષરતા અને વસ્તીગીચતા બંનેમાં વધારો થયેલો જોવા મળે છે . સામાન્ય રીતેવસ્તીએ ઉત્પાદનના સાધન તરીકે કાર્ય કરે છે . પરંતુ અતિ વસ્તીએ અર્થતંત્રને નુકસાન કરે છે . વાસ્તવમાં વસ્તી ત્યારે જ ઉત્પાદનનું સાધન કહેવાય જ્યારે તે કુશળતાયુક્ત હોય તેથી યોગ્ય કુશળતા અને કાર્યક્ષમ બનાવવા માટે શિક્ષણ એ પાયાનું સાધન છે . તેથી ગુજરાત રાજ્યમાં શિક્ષણના પ્રમાણમાં થતો વધારો તેના આર્થિક વિકાસને પ્રોત્સાહન આપે છે . તેની સાથે-સાથે વસ્તીગીચતામાં પણ વધારો થતો જોવા મળે છે.સાક્ષરતાના પ્રમાણમાં અને વસ્તીગીચતામાં થતાં રહેલા વધારાને ધ્યાનમાં રાખી પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં તે બંને વચ્ચેના સંબંધને તપાસવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે . અહીં બંને વચ્ચે રહેલા સહસંબંધને ધ્યાનમાં લીધો છે જે નીચે પ્રમાણે છે,

| | *સાક્ષરતા (આંકડામા*)* | *વસ્તી ગીચતા* |
|---|---|---|
| સાક્ષરતા (આંકડામા*) | 1 | 0.994942615 |
| વસ્તી ગીચતા | 0.994942615 | 1 |

સાક્ષરતા અને વસ્તીગીચતા વચ્ચે સીધો સંબંધ છે . તેમજ બંને વચ્ચે ગાઢ સંબંધ રહેલો છે . બીજી રીતે કહીએ તો આ બંને ચલો વચ્ચે ગાઢધનાત્મક સંબંધ જોવા મળે છે . કારણકે, સાક્ષરતા અને વસ્તીગીચતા વચ્ચે

રહેલા સંબંધને વધુ સ્પષ્ટ કરવાં માટે નીચેની આકૃતિની મદદથી સમજવાનો પ્રયત્ન કરીએ તો જણાશે કેઆકૃતિમાં રજૂ કરવામાં આવેલી રેખાનો ઢાળ ધન છે . અને તેના તમામ સંયોજનો વચ્ચે ગાઢ સંબંધ જોવા મળે છે . જે દર્શાવે છે કે, વસ્તીગીચતા અને સાક્ષરતા વચ્ચે નજીકનો સંબંધ છે.




## 6. સમાપન

પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં વાસ્તીશાસ્ત્રના વિવિધ પાસાઓમાંથી વસ્તીવૃદ્ધિ , સાક્ષરતા તેમજ વસ્તીગીચતા જેવા મહત્વના પાસાઓનો અભ્યાસ કરવામાં આવ્યો છે. જેના આધારે કહી શકાય કે , વસ્તીવૃદ્ધિના પ્રમાણમાં ૧૯૬૧ બાદ સતત ઘટાડો થયો છે. જ્યારે સાક્ષરતા અને વસ્તીગીચતાના પ્રમાણમાં સતત વધારો થયો છે. મહાન અર્થશાસ્ત્રીઓ તેમજ તજજ્ઞો દ્વારા વસ્તીશાસ્ત્રને અર્થશાસ્ત્ર સાથે જોડવાનો પ્રયત્ન કર્યો છે . કારણ કે , વસ્તીનો સીધો સંબંધ આર્થિક પ્રવૃત્તિઓ અને અર્થશાસ્ત્ર સાથે રહેલો છે . વસ્તી વધારાની સાથે સાથે વધી રહેલી વસ્તીની ગુણવત્તામાં પણ વધારો થાય તો તે આર્થિક વિકાસમાં પોતાનો ફાળો આપી શકે . તેથી પ્રસ્તુત સંશોધન અભ્યાસ અનુસાર શિક્ષણમાં થતો રહેલો વધારો એ અર્થતંત્રના વિકાસમાં મહત્વનું સાધન તરીકે કાર્ય કરે છે

## ❑ સંદર્ભ સૂચી


- ભટ્ટ આર .એન.(૨૦૦૪), " વસ્તી સ્વભાનતા વિકાસ માટે સ્વઅધ્યયન સાહિત્યની અસરકારકતા", મહાનિબંધ, સૌરાષ્ટ્ર યુનિવર્સીટી
- ચંદ્રિકા રાવલ (૨૦૦૪), વસ્તીસ અને સામાજીક સમસ્યાઅ પાશ્ર્વ પબ્લિ"કેશઅમદાવાદ.
- દેસાઈ જે.એન. (૧૯૮૯),"વસ્તી શિક્ષણ', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજય.
- ડૉ. જોશી બી. (૧૯૯૫), "ભારતની વસ્તી : એક વિશ્લેષણાત્મક અભ્યાસ ", યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજય

- પ્રો.ક્રિષ્નાબેન (૨૦૧૨) , વસ્તી વિજ્ઞાન અને વલણો"
- મંજુલાબેન દવે (૨૦૧૪), "ગુજરાતની આર્થિક અને પ્રાદેશિક ભૂગોળ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજય.
- ડૉ.બી. કે. ભટ્ટ (૨૦૧૭-૧૮), "સામાજીક ક્ષેત્રનું અર્થશાસ્ત્ર", ન્યુન પોપુલર પ્રકાશન,સુરત.
- દત્ત અને સુંદરમ, (૨૦૧૦)(૪૬મી આવૃતિ) "ભારતીય અર્થવ્યવસ્થા"
- "આર્થિકવિકાસનો ઇતિહાસ", ટી.વાય.બી.એ. પેપર-૧૦, સી.જમનાદાસકંપની, વર્ષ - ૨૦૧૦
- ઉચાટ ડી .એ(૨૦૧૨),"શિક્ષણ અને સામાજીક વિજ્ઞાનમાં સંશોધનનું પદ્ધસતિ શાસ્ત્રઅ ",પારસ પ્રકાશન, રાજકોટ, ૨૦૧૨
- Thankachan K.J.(૨૦૦૭)"A study on demographic trend in Gujarat", મહાશોધ નિબંધ.
- પ્રો.અનિલ સોનેજી, આંકડાકીય વિશ્લેષણ,અર્થસંકલન વર્ષ-૪૪, અંક - ૧૨,ડિસેમ્બર,૨૦૧૦
- પ્રો.રસીલા વડસરીયા,"વસ્તી વધારો" અર્થસંકલન, વર્ષ ૪૪, અંક - ૫,ડિસેમ્બર,૨૦૧૦
- District census handbook – Rajkot 2011
- http://en.m.wikipedia.org/wiki/world population
- http://en.m.wikipedia.org/wiki/Gujrat
- http://en.m.wikipedia.org/wiki/ population
- http://en.m.wikipedia.org/wiki/Rajkot
- http://www.google.co.in/amp/www.perreserch.org/fact-tank/2014/07/11/halt the worldpopulation – live in the just – 6 countries
- www.census2011.co.in
- www.censusindia.gov.in>2011-common/censusdataonline.html
- http://india.gov.in